C/13

એનઆરએલપી- આજીવિકા યોજનાનાં જિલ્લા તથા તાલુકા કચેરીનાં સ્ટાફનાં વેતન, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચની ગ્રાન્ટ ફાળવવા બાબત.

સને ૨૦૧૩-૧૪

નં.જીએલપીસી/એકા/NRLP/પગાર ભથ્થા ગ્રાન્ટ/૦૧/ ૨૯૦૮ - ૨૯૨૯ /૧૩

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કં.લી.

બ્લોક નં-૧૮/૩, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર

તા.૨/૦૫/૨૦૧૩

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારનાં મંત્રીશ્રી ગ્રામીણ વિકાસ, ડ્રીન્કીંગ વોટર અને સેનીટેશન મંત્રાલય ના DO No.J - 11060/11/2012-RL, Dt.25/9/2012.

(૨) ભારત સરકારનાં ગ્રામીણ વિકાસ મંત્રાલયનાં DO No.J-11060/84/2013-RL, Dt.08/03/2012.

(3) ભારત સરકારનાં ગ્રામિણ વિકાસ મંત્રાલયનાં Order No.L-13017/01/2012-RL (FTS-18492) (SL NO-10) Dt.05/12/2012. (1 to 4)

(૪) અત્રેની કચેરીનાં Office Order No.GLPC/HR/NRLM Staffing/6556 to 77/13. Dt.25/03/2013.

કાર્યાલય આદેશ :-

વંચાણે લીધા ક્રમ-૧ નાં ડીઓ પત્રથી એસજીએસવાય યોજનાનું પુનર્ગઠન કરી રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન (NRLP-આજીવિકા) તરીકે અંશત: કેન્દ્ર પુરસ્કૃત યોજના અમલમાં મુકવામાં આવેલ છે. સંદર્ભ-૪નાં આદેશથી NRLP-આજીવિકા હાલના તબક્કે ગુજરાત રાજ્યનાં ૯ જિલ્લાઓ અને ૨૦ તાલુકાઓમાં આ યોજના માહે ઓક્ટોબર-૧૨ થી અમલમાં મુકવામાં આવેલ છે.

NRLP-આજીવિકા યોજના જે જીલ્લાઓ/તાલુકાઓમાં અમલમાં મુકવામાં આવેલ છે તે કચેરીઓમાં ફરજ બજાવતાં મિશન મંગલમ યોજનાનાં સ્ટાફને ચૂકવવામાં આવતા વેતન ભથ્થાં અને અન્ય ખર્ચ નેશનલ રૂરલ લાઈવલીહુડ પ્રોજેક્ટ હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી કરવાનો થાય છે. આમ, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં માહે એપ્રિલ-૧૩ થી સપ્ટે-૧૩ સુધીના સમયગાળા માટે પગાર ભથ્થા, પ્રવાસ ભથ્થા, ટેલીફોન/મોબાઈલ, લાઈટબીલ, સ્ટેશનરી, પ્રિન્ટીંગ, ઝેરોક્ષ, પોસ્ટેજ તથા અન્ય આનુસંગિક કચેરી ખર્ચ માટે NRLP-આજીવિકા યોજનામાં નીચે જણાવ્યા મુજબનાં સીનીયર જનરલ મેનેજર-વ-નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને કુલ રૂા.૧,૯૧,૬૭,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ એકાણુ લાખ સડસઠ હજાર પુરા) ફાળવવા આદેશ કરવામાં આવે છે.

આમ નીચે દર્શાવેલ પત્રક મુજબ રૂા.૧,૯૧,૬૭,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ એકાણુ લાખ સડસઠ હજાર પુરા) મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. ના ખાતાનં.૨૪૬૪૦૧૦૦૦૧૩૫૫૨ બેંક ઓફ બરોડા, વિધાનસભા શાખા, ગાંધીનગરમાંથી સીનીયર

3.5.2013

જનરલ મેનેજર-વ-નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને તેમની સામે જણાવેલ એન.આર.એલ.એમ./આજીવિકા(DMMU) બેંક ખાતામાં **NEFT/RTGS** થી તબદીલ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ NRLP-આજીવિકા યોજનામાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

<u>ગ્રાન્ટ ફાળવણી દર્શાવતું પત્રક</u>

| અનુ. | નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(DMMU)નું નામ | તાલુકાનું નામ (BMMU) | આ હુકમથી છુટી કરવામાં આવેલી ગ્રાન્ટ (રૂ.લાખમાં) | બેન્કનું નામ | બેન્ક ખાતા નં |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | દાહોદ | ધાનપુર<br>ગરબાડા | ૧૪.૭૪ | બેન્ક ઓફ બરોડા, દાહોદ | 01840100032075 |
| ૨ | નર્મદા | ડેડીયાપાડા<br>સાગબારા | ૧૭.૩૮ | બેન્ક ઓફ બરોડા, રાજપીપળા | 02230100024875 |
| ૩ | પાટણ | સમી<br>સાંતલપુર | ૧૫.૦૫ | બેન્ક ઓફ બરોડા, પાટણ | 40850100000509 |
| ૪ | તાપી | નીઝર<br>ઉચ્છલ | ૧૪.૦૬ | બેન્ક ઓફ બરોડા, વ્યારા | 02690100025201 |
| ૫ | વડોદરા | ક્વાટ<br>નસવાડી | ૧૧.૯૬ | બેન્ક ઓફ બરોડા, વડોદરા | 16980100020730 |
| ૬ | સુરેન્દ્રનગર | સાયલા<br>ચુડા | ૧૪.30 | બેન્ક ઓફ બરોડા, સુરેન્દ્રનગર | 03710100017474 |
| ૭ | બનાસકાંઠા | થરાદ<br>વાવ<br>અમીરગઢ | ૧૭.૦૨ | બેન્ક ઓફ બરોડા, પાલનપુર | 01740100025304 |
| ૮ | અમરેલી | જાફરાબાદ<br>ખાંભા<br>બાબરા | ૭૩.૫૭ | બેન્ક ઓફ બરોડા, અમરેલી | 03530100020908 |
| ૯ | પંચમહાલ | ઘોઘંબા<br>મોરવા | ૧૩.૫૯ | બેન્ક ઓફ બરોડા, ગોધરા | 01830100030466 |
| | કુલ | | ૧૯૧.૬૭ | અંકે રૂપિયા એક કરોડ એકાણુ લાખ સડસઠ હજાર પુરા | |

8/15

શરતો:

(૧) સને ૨૦૧૩-૧૪ વર્ષમાં આ ગ્રાન્ટ પ્રથમ NRLP-આજીવિકા સદરે અલગ રજીસ્ટર નીભાવી જમા લેવાની રહેશે અને ખર્ચનો હિસાબ લખવાનો રહેશે.

(૨) આ ગ્રાન્ટ અંગેના અલગ હિસાબો રાખવાના રહેશે.

(3) આ ગ્રાન્ટ મળ્યેથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ NRLP-આજીવિકા યોજના હેઠળ આવરી લીધેલ તાલુકાઓમાં જરૂરીયાત મુજબ ગ્રાન્ટ ફાળવી આપવાની રહેશે.

(૪) આ યોજનામાં ખર્ચ કર્યા અંગેનાં UTC સમયસર મોકલી આપવાના રહેશે.

(૫) દર મહિને પાંચ તારીખ સુધીમાં NRLP-આજીવિકા સદરે થયેલ ખર્ચનું નિયતનમુનામાં ખર્ચપત્રક અત્રેની કચેરીમાં બિનચુક મોકલી આપવાનું રહેશે.

(૬) આ ગ્રાન્ટનો ઉપયોગ NRLP બ્લોકમાં જ કરવાનો રહેશે. અન્ય બ્લોકમાં ઉપયોગ કરી શકાશે નહી જેની ખાસ નોંધ લેવી.

મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કં.લી.
ગાંધીનગર.

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી (એકા & ફાઇ)
ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી, ગાંધીનગર.
નકલ રવાના:-

(૧) સીનીયર જનરલ મેનેજર-વ-નિયામકશ્રી
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,________(ઉપર દર્શાવેલ સંબંધકર્તા ૯ જિલ્લાઓ)

(૨) ડીસ્ટ્રીક્ટ લાઈવલીહુડ મેનેજરશ્રી,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,________(ઉપર દર્શાવેલ સંબંધકર્તા ૯ જિલ્લાઓ)

(3) ડેપ્યૂટી જનરલ મેનેજરશ્રી,(NRLM/HR), જીએલપીસી, ગાંધીનગર.